ગાંધીનગર સમાચાર

વાવોલ રેલવે ફાટકે વીજ પુરવઠો ખોટકાતા માલગાડી અટકી

## @ગાંધીનગર

● સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા સ્વર્ગસ્થ માતૃપિતૃઓને શ્રદ્ધાંજલિ આપવા વિષ્ણુ સહસ્ત્ર પાઠ રાત્રે ૮.૩૦થી ૯.૩૦ કલાક દરમિયાન યોજાશે.

● સેકટર-૩-એ વગડાવાળી માતા મંદિર ખાતે બપોરે ૨ થી ૫ કલાકે પ્રફુલ્લાબેન બાબુલાલ ભાવસાર દ્વારા આનંદનો ગરબો યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# બાળકો ગબ્બર બનાવવામાં વ્યસ્ત

ગાંધીનગર, તા.૧૧

'કુમકુમના પગલા પડયા..માડી તારા હેત ઢળ્યા, જોવા લોક ટોળે વળ્યા રે... હો..હો.. માડી તારા આવવાના એંધાણા થયા...' નવલી નવરાત્રીને ગણતરીના કલાકો બાકી રહ્યા છે. ગરબે ઘુમવા માટે નવયુવાનો થનગની રહ્યા છે. ગરબા ગ્રાઉન્ડમાં તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે ત્યારે નાના બાળકોની પણ નવરાત અનોખી હોય છે. તેઓને અલ્ટ્રામોર્ડન નવરાત્રીમાં નહી પરંતુ પોતાના હાથે બનાવેલા નાના મંદિર તેમજ ગબ્બરની નવરાત્રીમાં રસ હોય છે. બાળકો પણ એકઠા થઈ પોતાની નવરાત્રીની તૈયારીમાં લાગી ગયા છે.





નવરાત્રી એટલે શકિત અને ભક્તિનું પર્વ. નવરાત્રીમાં નવ દિવ ભકતો મા ની પૂજા અર્ચના કરે છે. મા ના ગરબા ગાઈને નાના બાળકથી લઈ મહિલાઓ, યુવાનો સહિત બાળકો પણ ગરબે ઘુમી માતાજીની આરાધના કરે છે. યુવક-યુવતિ મહિનાઓ અગાઉથી નવરાત્રીની તૈયારીઓમાં લાગી જાય છે. અવનવા સ્ટેપ્સ તેમજ મોંઘા ડ્રેસીસ પહેરી ગરબામાં ધૂમ મચાવે છે. આજ રીતે નાના બાળકોની પણ અનોખી નવરાત્રી યોજાય છે. જેમાં શહેરના સેકટરોમાં ઠેક ઠેકાણે તમને ગબ્બર તેમજ માટીના મંદિર નજરે પડે છે. બાળકો દ્વારા બનાવાયેલા આ માટીના કલાત્મક ગબ્બર આકર્ષણનું કેન્દ્ર બને છે. પોતાના ઘરમાં પડી રહેલી નકામી ચીજવસ્તુઓનો ઉપયોગ કરીને નાના ભૂલકાઓ વેસ્ટમાંથી બેસ્ટ બનાવે છે નાના બાળકો દ્વારા ફુવારો, લાઈટીંગ, ગાર્ડન સહિતની વસ્તુઓ અદભુત રીતે તૈયાર કરવામાં આવે છે. આસપાસમાં રહેતા રહીશો પાસેથી ફાળો એકત્ર કરવામાં આવે છે. નવ દિવસ બાળકો દ્વારા સવાર-સાંજ નિયમિત રૂપે એકઠા થઈને આરતી કરીને વિવિધ પ્રસાદીનું વિતરણ કરવામાં આવે છે. જયારે સાઉન્ડ સિસ્ટમ ગોઠવીને ગરબા ગાઈને નાના બાળકો આનંદ ઉલ્લાસથી આ પર્વની ઉજવણી કરે છે. નગરમાં યોજાતી અલ્ટ્રા મોર્ડન નવરાત્રીની જેમ નાના બાળકોની નવરાત્રીનો પણ અનોખો મહિમા નગરમાં જોવા મળે છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

## વાતવાતમાં

● પંચદેવ મંદિર પાસે ચ રોડ પર આજે એક અકસ્માત સર્જાયો હતો જેમાં એક કારને સારું એવું નુકશાન થવા પામ્યું હતું.

● સે-૩-એ ન્યુ ખાતે લુપ્ત થતી કળા ભવાઈનો કાર્યક્રમ યોજાયો હતો જેને બળકોએ મન ભરીને માણ્યો હતો.

● ગઈ કાલે રાત્રે ઈન્ફોસીટી પાછળ રિલાયન્સ ચોકડીએ કાર સાથે બાઈક અથડાવાથી બંને ચાલકો વચ્ચે ભારે તુ તુ મેં મેં ચાલી હતી. અંતે રૂ. ૫૦૦૦ બાઈકચાલકે કારને થયેલા નુકસાન પેટે આપવાનું કબુલતા મામલો થાળે પડયો અને બંને બાઈક પર બેસી એટીએમ તરફ ધસી ગયા હતા.

● સે-૨૬માં નવરાત્રિ ચોક પાસેની ટપાલપેટી પહેલા આંબાના ઝાડ પર બાંધેલી હતી. હવે આ ઝાડ કપાઈ જતા ટપાલ પેટી એક પ્રાઈવેટ પ્લોટની ફેન્સિંગ પર બાંધી દીધી છે પરંતુ આ ટપાલ પેટીને તાળુ પણ નથી.

● શહેરના પથિકાશ્રમ નજીક કોઈ એટીએમ મશીન ના હોવાથી અનેક નગરજનોને મુશ્કેલી પડી રહી છે. બહારગામથી આવતા મુસાફરો તો એટીએમ શોધવા રીતસરના ફાંફે ચઢી જાય છે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

## શુભ સંકલ્પ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નિ:શુલ્ક રકતદાન અને મેડીકલ ચેક અપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરની સંસ્થા શુભ સંકલ્પ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શહેરના સે-૧માં આવેલ ગાયત્રી મંદીરના હોલમાં આજ રોજ



નિ:શુલ્ક મેડીકલ ચેક અપ કેમ્પ તેમજ સ્વૈચ્છિક રકતદાન શિબિરનું આયોજન કરાયું હતું. જેમાં ૫૦થી વધુ દર્દીઓએ મેડીકલ ચેક અપ કરાવ્યું હતું.

સોલા સિવિલ હોસ્પિટલની બ્લડબેંકના સહયોગથી યોજાયેલ રકતદાન શિબિરમાં રકતદાતાઓએ સ્વૈચ્છિક રકતદાન કરી સેવાકાર્યમાં સહયોગ આપ્યો હતો. તેમજ વિના



મુલ્યે મેડીકલ ચેકઅપમાં ડૉ. ચીરંજીવસિંહ વાઘેલાએ ૫૦થી વધારે મુલાકાતીઓને જનરલ ચેક અપ, બ્લડપ્રેશર, બીએમઆઈ જેવી સેવાઓ વિના મુલ્યે પુરી પાડી હતી.

આ સમગ્ર કાર્યક્રમને સુંદર રીતે પાર પાડવામાં હેલ્થ ઈન્શ્યોરન્સના કર્મીઓ, શુભ સંકલ્પ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી અક્ષયભાઈ રાણા, જીગર રાણા, તેજસ રાણા, દેવાંગ શાહ તેમજ સહયોગીઓ સુકેતુભાઈ મહેતા, દર્શન સીધુકીયા, નકુલ સાંગરેચી, હાર્દગી વોરા વગેરેએ ખુબ જહેમત ઉઠાવી હતી. આ શુભકાર્યમાં ગાયત્રી પરિવારનો સહયોગ સાંપડયો હતો.

# વાવોલ રેલવે ફાટકે વીજ પુરવઠો ખોટકાતા માલગાડી અટકી

**લાંબો સમય ફાટક બંધ રહેતા અસંખ્ય વાહન ચાલકો ખરા બપોરની ગરમીમાં શેકાયા**

ગાંધીનગર, તા.૧૧

શહેરમાં આવેલા થર્મલ સ્ટેશન ખાતે નિયમિત રૂપે કોલસો લઈને આવતી વિદ્યુત માલગાડી આજે બપોરના સુમારે વાવોલ ફાટકથી રેલવે સ્ટેશન વચ્ચે અચાનક વિદ્યુત પ્રવાહ બંધ થઈ જતા ખોટવાઈ ગઈ હતી. જેને પરિણામે ફાટક ખુલવાની રાહ જોતા વાહનચાલકોને પરસેવો વળી ગયો હતો. ડાયવર્ઝનમાંથી ભારે મુસ્કેલીનો સામનો કરી પસાર થવું પડયું હતું.

ગાંધીનગર શહેરમાં વર્ષોથી વિદ્યુત માલગાડી જીઈબી ખાતે નિયમિતરુપે કોલસો લઈને આવતી હોય છે. શહેરના રેલવે ફાટકો પાસે ફાટક બંધ હોય ત્યારે જવાની કોઈ વૈકલ્પિક વ્યવસ્થા નથી જયારે અન્ય શહેરોમાં રેલવે ફાટકની નીચે અન્ડર ગ્રાઉન્ડ માર્ગ બનાવેલો હોય છે. જેથી શહેરના વાહનચાલકોને કોઈ તકલીફ રેલ વ્યવહારને કારણે ભોગવવી ના પડે પરંતુ ગાંધીનગરમાં આવી કોઈ પણ વ્યવસ્થા કરવામાં આવી નથી. ફાટકમાં ખામી સર્જાય તેમજ રેલગાડી બગડે તો વાહનચાલકોને મુસીબતનો સામનો કરવો પડે છે. મોટું અંતર કાપીને જવું પડે છે. શહેરનો વિકાસ થતાં વાવોલ ગામ વિસ્તર્યું છે. હજ્જારો મકાન બનતા લોકો વસવાટ કરતા શહેરથી વાવોલ ગામનો વાહનવ્યવહાર વધવા પામ્યો છે. ફાટકને કારણે અવારનવાર ધાંધિયા સર્જાતા ગામના વાહન ચાલકોને પરેશાન થવું પડે છે ત્યારે આજે બપોરના સુમારે કોલસો લઈને જતી માલગાડીનો વિદ્યુતપ્રવાહ બંધ થઈ જવા પામ્યો હતો. રેલગાડી વાવોલ ફાટકથી રેલવે સ્ટેશન સુધી અટવાઈ પડી હતી. જયારે બપોરના સુમારે કામ અર્થે બહાર જવાનું હોવાથી ફાટક ખુલવાની રાહ જોતા વાહનચાલકોને ફાટક લાંબો સમય બંધ રહેતા પરસેવો વળી ગયો હતો. જયારે નગરજનોને દુર આવેલા ડાયવર્ઝનમાંથી પસાર થવા ઝાડી ઝાંખરા તેમજ ગંદકીમાંથી પસાર થવું પડયું હતું. ઉલ્લેખનીય છે કે વાવોલ રેલવે ફાટકે વારંવાર મુશ્કેલી સર્જાય છે. જયારે ડાયવર્ઝનવાળા રસ્તા પર અસહ્ય ગંદકી અને ઝાડી ઝાંખરા હોવાથી મહિલાચાલકો અહીંથી પસાર થઈ શકે તેમ નથી. ગામનો વિકાસ થવાથી ટ્રાફિક વધવા પામ્યો છે જેને પગલે વાવોલ રેલવે ફાટક પર ઓવરબ્રિજની તાતી જરુરીયાત ઉભી થવા પામી છે.

# વાવોલ શ્રીજી કોમ્પ્લેક્ષમાં વરલી મટકાનો જુગાર રમતા બે ઝડપાયા

**રૂ. ૧૩,૪૬૨નો રોકડ મુદ્દામાલ જપ્ત કરીને બંને આરોપીની ધરપકડ કરાઈ**

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક વાવોલ ગામમાં શ્રીજી કોમ્પ્લેક્ષ ખાતે વરલી મટકાનો જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે સે-૭ પોલીસની ટીમે દરોડો પાડી બે શખ્સોને પકડી પાડયા હતા. રૂ. ૧૩,૪૬૨નો રોકડ મુદ્દામાલ તથા હિસાબી સાહિત્ય સાથે બંનેની ધરપકડ કરી લઈ પોલીસે વધુ પુછપરછ શરુ કરી છે.

સેકટર-૭ પોલીસ મથકના ડીસ્ટાફ પીએસઆઈ એમ.પી. ચૌહાણ તથા તેમની ટીમમાં કોન્સ્ટેબલ ધિરેન્દ્રસિંહ, પુષ્પેન્દ્રસિંહ સહિતનાં માણસોએ આજે સવારે બાતમીના આધારે વાવોલ ખાતે સ્થિત શ્રીજી કોમ્પ્લેક્ષમાં દરોડો પાડયો હતો. શ્રીજી કોમ્પ્લેક્ષમાં વરલી મટકાનો જુગાર રમી રમાડી રહેલા વાવોલ ગામના કુબેરનગર વિસ્તારનાં જયંતિ પ્રતાપ ઠાકોર અને રાજુ કાળુ દંતાણી બંને શખ્સોની ધરપકડ કરી લેવામાં આવી હતી. પોલીસે રૂ. ૧૩,૪૬૨નો રોકડ મુદ્દામાલ જપ્ત કરીને વરલી મટકાના આંકડા તથા હિસાબો લખેલું સાહિત્ય પણ કબ્જે લીધું છે. પોલીસે ગુનો દાખલ કરીને સઘન પુછપરછ શરુ કરી છે.





શહેરના રોડ નેટવર્ક આસપાસ પથરાયેલી ફૂટપાથ જાળવણીના અભાવે કંગાળ હાલતમાં છે. ફૂટપાથ ગાબડાગ્રસ્ત બની છે. ગંદકીથી ઘેરાયેલી ફુટપાથ પાછળ થયેલા તોતિંગ ખર્ચનો કોઈ હેતુ સરતો નથી. 'ગ' માર્ગની ફૂટપાથ પર વોકીંગ કરવાનું પણ મુશ્કેલ બન્યું છે. આર.ટી.ઓ. કચેરી પાસે ફૂટપાથ આસપાસ ઉગી નીકળેલી વનસ્પતિથી વોક વે ઢંકાઈ ગયો છે. ફૂટપાથની ટાઈલ્સો ખખડી રહી છે. આમ છતાં સંબંધિત તંત્ર દ્વારા કોઈ દરકાર લેવાતી નથી.

(તસવીર : કશ્યપ નિમાવત)

# સ્વીમીંગમાં ૪ ગોલ્ડ મેડલ જીતી નગરનું ગૌરવ વધાર્યું

ગાંધીનગર, તા.૧૧

તાજેતરમાં ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે યોજાયેલ ૬ઠ્ઠી ગુજરાત સ્ટેટ માસ્ટર્સ એકવેટીક સ્વીમીંગ ચેમ્પીયન શીપ્સ ૨૦૧૫માં મનીષાબેન ત્રિપાઠીએ ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કરી સમગ્ર ગાંધીનગરનું ગૌરવ વધારેલ છે. તેમણે ૨૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં પ્રથમ, ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં પ્રથમ, ૧૦૦ મીટર બેકસ્ટ્રોકમાં પ્રથમ અને ૧૦૦ મીટર બ્રેસ્ટ સ્ટ્રોકમાં પ્રથમ સ્થાન ગ્રહણ કરી ૪ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા છે. તેમની આ સિદ્ધિના કારણે નગરના રમતવીરો તથા રમતપ્રેમીઓમાં આનંદની લાગણી છવાઈ છે.



## દેશના પ્રથમ વડાપ્રધાન સ્વ. પંડિત જવાહરલાલ નહેરુની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૧

શહેર જિલ્લા મહિલા કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રથમ વડાપ્રધાન સ્વ. પંડિત જવાહરલાલ નહેરુની ૧૨૫મી જન્મજયંતિ ઉજવવામાં આવી હતી. જેમાં કોંગ્રેસ પ્રદેશ મહિલા પ્રમુખ સોનલબેન પટેલ, મહામંત્રી અને પ્રદેશ પ્રવકતા નિશિત વ્યાસ, ડૉ. હિમાંશુ પટેલ, શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહ, જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી, પ્રદેશ મહિલા મહામંત્રી પ્રેમબા હાડા, પ્રભારીઓ માયાબેન દવે, સ્મિતાબેન શાહ, અશ્વિનભાઈ પરમાર, રેખાબેન સોલંકી તેમજ પૂર્વ શહેર પ્રમુખો મુકેશ પટેલ, વિક્રમસિંહ ખાચર, ઝોન પ્રમુખ રાજેન્દ્રસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કેશુભાઈ દેસાઈ દ્વારા જવાહરલાલ નહેરુના જીવન વિષે પ્રેરણાદાઈ વકતવ્ય આપવામાં આવ્યું હતું તથા સમિતિના પ્રમુખ ભાનુમતિબેન રોહિતે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું.

# સે-૧૩માં પત્નિની હત્યા કરનાર પતિ ઝડપાયો

**કંકાશ થતા ઉશ્કેરાયેલા પતિએ માથે લોખંડની પાઈપ મારીને દુપટ્ટાથી ગળે ટુંપો આપી દીધો હોવાની કબુલાત : હત્યા કરીને આરોપી હિંમતનગર પોતાના વતનમાં ભાગી ગયો હતો**

ગાંધીનગર, તા.૧૧

સેકટર-૧૩ના છાપરા વિસ્તારમાં ગઈ કાલે બપોરના અરસામાં કંકાશ બાદ ઉશ્કેરાઈ ગયેલા પતિએ તેની પત્નિના માથે લોખંડની પાઈપ ફટકારી દુપટ્ટાથી ગળે ટુંપો આપી હત્યા કરી નાંખી હતી અને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. આ પ્રકરણ અંગે સે-૭ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી મોડી રાત્રે આરોપીના વતન હિંમતનગરના છાપરીયા ગામે પહોંચી તેની ધરપકડ કરી લીધી હતી. આરોપી પોલીસે ગુનાની કબુલાત પણ કરી લીધી છે. સે-૭ પોલીસે તેને કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવવા તજવીજ શરુ કરી છે.

સેકટર-૧૩ના છાપરા વિસ્તારમાં બિજ નિગમના ગોડાઉન પાછળ રહેતા જાકીરશા કાળુશા ફકીર અને સવિતાબેન બજાણીયાએ પાંચેક વર્ષ પહેલા પ્રેમ લગ્ન કર્યા હતા ત્યાર બાદ અવાર નવાર ઘરમાં બંને વચ્ચે બોલાચાલી બાદ માથાકુટો થતી રહેતી હતી. ગઈ બપોરે પણ કોઈ બાબતે બોલાચાલી થતાં જાકીરશા ઉશ્કેરાઈ ગયો અને પત્નિ સવિતાના માથે લોખંડની પાઈપ મારીને દુપટ્ટાથી ગળે ટુંપો આપી હત્યા કરી નાંખી હતી. હત્યા કરીને આરોપી પતિ જાકીરશા વતન હિંમતનગરના છાપરીયા ગામે પહોંચી ગયો હોવાની બાતમી સે-૭ પોલીસના ડીસ્ટાફ પીએસઆઈ એમ.પી. ચૌહાણ તથા કોન્સ્ટેબલ સુરપાલસિંહ, એએસઆઈ પ્રવિણસિંહ સહિતની ટીમને મળતા આખી ટીમ આરોપીને વતનથી ઉઠાવવા રવાના થઈ ગઈ હતી. મોડી સાંજે આરોપી જાકીરશાને દબોચી લઈ પુછપરછ કરતાં તેણે ગુનો આચર્યો હોવાની કબુલાત પણ કરી લીધી છે.જેને આધારે તેની ધરપકડ કરી વધુ તપાસ માટે રિમાન્ડ મેળવા પોલીસે આરોપીને કોર્ટમાં રજુ કરવા તજવીજ શરુ કરી છે.



# શ્રધ્ધા મોટી રાખો, મૂર્તિ નહી

**ગંદકી ના થાય તે માટે ભગવાનની તસ્વીરોનો ઉપયોગ કરતા અચકાતાનથી, પરંતુ મુઠ્ઠીભર લોકોની ગમે ત્યાં થુંકવાની આદત છોડાવી શકતા નથી : ઢોલ-મંજીરાના સ્થાને ડીજે અપનાવ્યુ પણ અભિષેકના નામે વેડફાતુ દૂધ જરૂરિયાતમંદના મુખ સુધી ના પહોંચાડી શકયા**




ગાંધીનગર, તા.૧૧

અષાઢી બીજની રથયાત્રાથી ચાલુ થતી તહેવારોની વણથંભી વણઝાર ધાર્મિકતાનો ઉન્માદ એટલો જગાવે છે કે તેમાં ઘણી વાર ભાવિકો સારા નરસા કે સાચા ખોટાનું વિવેકભાન ગુમાવી બેસે છે. તાજેતરમાં જ સમાપન થયેલ ગણેશોત્સવ બાદ વિસર્જન બાદ ગણપતિની મૂર્તિઓની હાલત જોઈ ભલભલા શ્રધ્ધાળુનો આત્મા ડંખી ઉઠે તેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. આ પ્રકારની પરિસ્થિતિ દર વર્ષે સર્જાય છે પરંતુ સગવડીયો ધર્મ અપનાવતા આપણે તેને સિફતથી ભૂલી જઈએ છે અને બીજા વર્ષે પણ ફરીથી એજ ઉન્માદમાં જોડાઈ પણ જઈએ છીએ. માત્ર ગણેશોત્સવ જ નહિ પરંતુ અન્ય તહેવારોમાં પણ આપણી આજ હાલત હોય છે.

દર વર્ષે પર્યાવરણ પ્રેમીઓ માટીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓનું સ્થાપન કરવા કાગારોળ મચાવે છે, સરકાર દ્વારા પણ કાગળ પર જાહેરનામા પ્રસિધ્ધ કરાય છે પરંતુ પ્રતિ વર્ષ ગણેશોત્સવમાં ભગવાનની નોન-ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓ માત્ર બનતી જ નથી પરંતુ તેની ઉંચાઈ પણ વધતી જાય છે. ગણેશ ઉત્સવ જ નહિ પરંતુ દશામાના વ્રત કે તેવા અન્ય તહેવારોમાં આજ પરિસ્થિતિનું વારંવાર નિર્માણ થતું રહે છે. આપણે શોપીંગ કોમ્પ્લેક્ષમાં પ્રજાને થૂંકતી અટકાવવા ભગવાનની તસવીરોનો ઉપયોગ કરતા આપણે અચકાતા નથી પરંતુ મુઠ્ઠીભર લોકોને આ પ્રકારે ગમે ત્યાં થુંકવાની આદત છોડાવી શકતા નથી. આપણી સંસ્કૃતિમાં શ્રધ્ધાના જોરે ઝેરના પ્યાલા અમૃત થયા જેવા અઢળક કિસ્સા ઈતિહાસના પાને પાને ભર્યા પડયા છે. જયાં શ્રધ્ધા હોય ત્યાં અશકય લાગતી રાહ પર ફુલોની બિછાત છવાઈ જાય છે માટે જ કવિ ગની દહીંવાલાએ કહ્યું છે કે, 'શ્રધ્ધા જ મારી લઈ ગઈ મંઝીલ પર મને, હું ફર્યો તો દિશાઓ ફરી ગઈ.' આમ છતાં શ્રધ્ધાને નામે દેખા દેખી અને ઉન્માદતાના કારણે છવાતી 'ધાર્મિક અશિસ્તતા' આપણા તીર્થ સ્થાનો પર ધક્કામુક્કી સર્જી એક સાથે અનેકને વૈકુંઠ ધામ પણ પહોંચાડતી રહી છે. માત્ર ફલાણા દિવસે કે તિથીએ દર્શનનો મહિમા જાળવવા આપણે અગણિત આહુતિઓ આપી ચુકયા છીએ પરંતુ ધર્મશાસ્ત્રમાં પ્રભુએ પોતાના શ્રીમુખે જણાવેલ સૃષ્ટિના કણેકણમાંના ઈશ્વરના અસ્તિત્વ અને ક્ષણેક્ષણની હાજરીને સિફતપૂર્વક ભૂલી જઈએ છીએ. મુહુર્ત-કમુહૂર્તોની પળોજણમાં હરક્ષણનું નિર્માણ ઈશ્વરે કર્યું છે તે પણ ભુલવું ના જોઈએ.







પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને પરંપરાને વૈજ્ઞાનિક પ્રમાણો સાથે સાંકળી તેને યથાર્થ ઠેરવતી અસંખ્ય દલીલો સોશ્યલ મિડીયામાં પણ 'વાઈરલ' થતી રહે છે ઘણે અંશે એ સાચું પણ હોય છે છતાં કેટલાક તહેવારો સાથે જોડાઈ ગયેલ કુ-રૂઢિઓને સમયના પરિપ્રેક્ષ્ય સાથે વિચારી પરિવર્તનીય ક્ષમતા બક્ષવી જરુરી લેખાય છે. આપણે ઢોલ-મંજીરાના સ્થાને ડીજે તો અપનાવી લીધા પરંતુ અભિષેકના નામે વેડફાતા દૂધને ગરીબ અને જરૂરિયાતમંદના મુખ સુધી ના પહોંચાડી શકયા. મા જગદંબાની આરાધનાના પર્વ નવરાત્રિમાં ભલે અખંડ દીવા પ્રગટાવીએ પરંતુ સાથે આ દીવાની જયોતે અંધશ્રધ્ધા, વહેમ અને કુરિવાજોના અંધકાર પણ ઝડપથી દુર થાય તેવી દષ્ટિ પણ કેળવીએ. કોઈકે સાચું જ કહ્યું છે કે, 'મુસીબતો ભલે ગોવર્ધન પર્વત જેટલી મોટી હોય, માત્ર ટચલી આંગળી જેટલી શ્રધ્ધા હશે તો તમારો વાળ પણ વાંકો નહીં થાય.'

**માના કે અંધેરા ઘના હૈ,
પર દિયા જલાના કહાં મના હૈ?**
**- નરેન્દ્ર મોદી**